1 8 MAY 2018

1550

રાજ્યની બિનસરકારી અનુદાનિત શિક્ષણ વિદ્યાશાખાની કોલેજો માટે અધ્યાપક સહાયકની ભરતીમાં લાયકાત બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્ર-એનજીસી-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ
સચિવાલય, ગાંધીનગર.
તા-૧૮.૦૫.૨૦૧૮

**વંચાણે લીધાઃ-**

૧. એન.સી.ટી.ઇ. રેગ્યુલેશન્સ – ૨૦૧૪
૨. નામદાર ગુજરાત હાઇકોર્ટનો ખાસ દિવાની અરજી નં.૯૭૭૩/૨૦૧૫ પરનો તા.૦૩.૦૫.૨૦૧૬ નો ચુકાદો.
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૧૧.૦૫.૨૦૧૮ ની દરખાસ્ત ક્ર- કગટ-ISC8-ભરતી-૨૦૧૮-૧૧૬૮૬

**આમુખ** -

બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયામાં બી.એડ.કોલેજો માટે યુજીસી રેગ્યુલેશન-૨૦૧૦ નાં પારા નંબર-૪.૪.૭ મુજબ મેથડોલોજી કોર્સ માટે અનુસ્નાતક કક્ષાએ ૫૦% ગુણ નક્કી કરવામાં આવેલ છે તેમજ યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ ના ચોથા એમેન્ડમેન્ટમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ઉમેદવારોને લઘુતમ લાયકાતમાં ૫%ની છૂટછાટ આપવામાં આવેલ છે. બી.એડ. કોલેજોની રેગ્યુલેટરી એજન્સી તરીકે એન.સી.ટી.ઈ. દ્વારા અધ્યાપકની લાયકાત માટે અનુસ્નાતક કક્ષાએ ૫૫% ગુણ નક્કી કરવામાં આવેલ છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નિયત કરાયેલ લઘુત્તમ લાયકાત અનુસાર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો પસંદગી પામેલ અધ્યાપકોની પ્રોફાઈલ એન.સી.ટી.ઈ. દ્વારા અનુસ્નાતક કક્ષાએ નક્કી કરાયેલ ૫૫% કરતાં ઓછા હોય તેવા કિસ્સામાં માન્યતા રદ કરવામાં પ્રશ્નો ઉભા થાય તેમ છે, તેમજ આ કોલેજોની અધ્યાપકોની ઘટ/ઉણપના સંદર્ભમાં કોલેજ બંધ કરવાની અથવા પૂર્તતા કરવાની નોટીસ એન.સી.ટી.ઈ દ્વારા જે તે કોલેજને મળે છે. બી.એડ. કોલેજોમાં એન.સી.ટી.ઈ.-૨૦૧૪ ના રેગ્યુલેશનના નિયમો સુપ્રીમકોર્ટના આદેશ અન્વયે રીવાઈઝ થયેલ છે ત્યારે તેનું પાલન કરવું જરૂરી બને છે તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા એસ.સી.એ.નં.૯૭૭૩/૨૦૧૫ માં તા.૦૩.૦૫.૨૦૧૬ ના ચૂકાદામાં યુ.જી.સી.ના લાયકાતના ધોરણો બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે રાજય સરકાર યુ.જી.સી.ના લઘુતમ ધોરણો જાળવીને લાયકાતના ધોરણોમાં વધારો કરી શકે છે, તે રીતે યુ.જી.સી. દ્વારા રાજય સરકારને છૂટછાટ આપવામાં આવેલ છે. તેથી રાજ્યની બિનસરકારી અનુદાનિત બી.એડ. કોલેજોમાં અધ્યાપકની ભરતી માટે અનુસ્નાતક કક્ષાએ યુ.જી.સી.એ દર્શાવેલ ૫૦% થી વધારીને

Scanned by CamScanner

એન.સી.ટી.ઇ. મુજબ ૫૫% નક્કી કરવામાં આવે તો ભરતી પ્રક્રિયા દરમિયાન કે પછી થનાર લીટીગેશનની શક્યતા નિવારી શકાય તેમ હોઇ, નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણએ ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૩ પરના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ-</u>

પુખ્ત વિચારણાને અંતે રાજયની બિનસરકારી અનુદાનિત બી.એડ. કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતીમાં એન.સી.ટી.ઇ. રેગ્યુલેશન્સ - ૨૦૧૪ ના પારા – ૫.૨ માં નિયત થયાનુસારની લાયકાતના ધોરણો અનુસરવા આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ સત્તાધિકારીની તા.૧૬.૦૫.૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપક પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ,(ઉ.શિ.કમિશ્નર કચેરી મારફત)
- આચાર્યશ્રી, તમામ સંબંધિત બિનસરકારી અનુદાનિત કોલેજો(ઉ.શિ.કમિશ્નર કચેરી મારફત)
- સેક્શન અધિકારી-ખ-૧, ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક: કવટ/ISC૪/૨૦૧૮/૧૧૭૪૫-૧૧૭૯૩
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં-૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૮-૦૫-૨૦૧૮

નકલ રવાના : જાણ તેમજ અમલકરવા સારું

**સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)**
**ગુ.રા.,ગાંધીનગર**

**પ્રતિ,**
- **રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટી તમામ.**
- **આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત શિક્ષણ વિદ્યાશાખાની કોલેજો, તમામ.**

Scanned by CamScanner